**અગ્રતાક્રમઃ** ૨૮

વિભાગઃ– સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ– ૧૫/૪/૧૪૮૫

પ્રશ્ન પૂછનાર સભ્યશ્રી, અને તેમનો મત વિસ્તાર –

**શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર (જામ જોધપુર)**

પ્રશ્નનું શિર્ષકઃ– **જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના**

**વિધાનસભા ગૃહમાં જવાબ આપવાની તારીખઃ– ૧૩/૦૨/૨૦૨૪**

૧૫ મી ગુજરાત વિધાનસભા ચોથું સત્ર

## અનુક્રમણિકા

## અગ્રતાક્રમાંક – ૨૮

પ્રશ્ન – ૧ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે વર્ષમાં કુલ કેટલી અરજી મળી અને કેટલી સહાય ચુકવવામાં આવી,

પ્રશ્ન – ૨ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવે છે ?

પ્રશ્ન – ૩ ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળના પાત્રતાના ધોરણો શા છે ?

નોંધ

# 28

## ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય બાબત.

* **15/4/1485 : શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર** (જામજોધપુર) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કેઃ–

**પ્રશ્ન** — **જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧)

| જિલ્લાનું નામ | મળેલ અરજીઓ |
|---|---|
| જામનગર | ૭૩ |
| દેવભૂમિ દ્વારકા | ૧૩ |
| **કુલ** | **૮૬** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,

(૨)

| જિલ્લાનું નામ | મંજૂર અરજીઓ |
|---|---|
| જામનગર | ૬૨ |
| દેવભૂમિ દ્વારકા | ૧૦ |
| **કુલ** | **૭૨** |

(૩) તે પેટે કેટલી સહાય ચૂકવવા માં આવી, અને

(૩)

| જિલ્લાનું નામ | ચૂકવેલ સહાય |
|---|---|
| જામનગર | ૩.૭૧.૦૦ લાખ |
| દેવભૂમિ દ્વારકા | ૩.૧૧.૫૦ લાખ |
| **કુલ** | **૩.૮૨.૫૦ લાખ** |

પ્રશ્ન– (૧) :– ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં બે વર્ષમાં કુલ કેટલી અરજી મળી અને કેટલી સહાય ચુકવવામાં આવી,

જવાબ : માન. અધ્યક્ષશ્રી, તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ,

| ક્રમ | જિલ્લાનું નામ | મળેલ અરજી | મંજુર અરજી | ચુકવેલ સહાય |
|---|---|---|---|---|
| ૧ | જામનગર | ૭૩ | ૬૨ | ૭૧ લાખ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૧૩ | ૧૦ | ૧૧ લાખ ૫૦ હજાર |
| | કુલ | ૮૬ | ૭૨ | ૮૨ લાખ ૫૦ હજાર |

**પ્રશ્ન- (૨) :- ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ કુલ કેટલી સહાય આપવામાં આવે છે ?**

**જવાબ:- માન. અદયક્ષશ્રી,**

**આ યોજના હેઠળ રૂ.૨ લાખ ૫૦ હજારની સહાય યુગલને આપવામાં આવે છે.**

| | | |
|---|---|---|
| **(૧) પતિ-પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે** | **:** | **રૂ.૧ લાખ** |
| **(૨) ઘરવપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાય** | **:** | **રૂ.૧ લાખ ૫૦ હજાર** |
| **કુલ** | **:** | **રૂ. ૨ લાખ ૫૦ હજાર** |

**પ્રશ્ન– (૩) :– ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળના પાત્રતાના ધોરણો શા છે ?**

**જવાબઃ– માન. અધ્યક્ષશ્રી,**

**પાત્રતાના માપદંડો**

- **આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત અનુસૂચિત જાતિના હોવા જોઈએ.**
- **આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત ગુજરાતની મુળ વતની હોવી જોઇએ.**
- **આવા લગ્નની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન કર્યા બાદ બે વર્ષની અંદર આ યોજના માટે સહાય મેળવવા અરજી કરવાની રહેશે**
- **આંતરજ્ઞાતિય લગ્ન કરનાર પરપ્રાંતની વ્યકિતના મા બાપ–ગુજરાત રાજયમાં પાંચ વર્ષથી વસવાટ કરતા હોવા જોઈએ.**
- **અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તેણે તે પ્રાંત કે રાજયમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.**
- **વિધુર કે વિધવા જેને બાળકો ન હોય તેવી વ્યકિત જો પુનઃલગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મળવા પાત્ર થશે.**
- **આવક મર્યાદા નથી.**
- **લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવાનું રહેશે.**

## જામનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ મળેલ, મંજુર, નામંજુર અરજીઓની સંખ્યા

## તથા ચૂકવેલ સહાયની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક

## તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી મંજુર કરેલ અરજીઓ | મંજુર પૈકી ચુકવેલ સહાય | | ના મંજુર કરેલ અરજી | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | | |
| ૧ | જામનગર | ૫૬ | ૪૯ | ૪૯ | ૫૭.૫૦ | ૦૭ | ૦૦ |
| ૨ | જામ જોધપુર | ૬ | ૫ | ૫ | ૫.૫૦ | ૦૧ | ૦૦ |
| ૩ | કાલાવડ | ૩ | ૩ | ૩ | ૩.૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | લાલપુર | ૨ | ૨ | ૨ | ૨.૫૦ | ૦૦ | ૦૦ |
| ૫ | જોડીયા | ૩ | ૧ | ૧ | ૦.૫૦ | ૦૨ | ૦૦ |
| ૬ | ધ્રોલ | ૩ | ૨ | ૨ | ૨.૦૦ | ૦૧ | ૦૦ |
| | કુલ | ૭૩ | ૬૨ | ૬૨ | ૭૧.૦૦ | ૧૧ | ૦૦ |
| | | | | | (રૂ.૭૧ લાખ પુરા) | | |

## દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ મળેલ, મંજુર, નામંજુર અરજીઓની સંખ્યા તથા ચૂકવેલ સહાયની તાલુકાવાર વિગત દર્શાવતું પત્રક

## તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩

| ક્રમ | તાલુકાનું નામ | મળેલ અરજીઓ | તે પૈકી મંજુર કરેલ અરજીઓ | મંજુર પૈકી ચુકવેલ સહાય | | ના મંજુર કરેલ અરજી | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી સંખ્યા | રકમ (રૂ.લાખમાં) | | |
| ૧ | ખંભાળીયા | ૦૪ | ૦૪ | ૦૪ | ૪.૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ભાણવડ | ૦૨ | ૦૨ | ૦૨ | ૨.૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | દ્વારકા | ૦૭ | ૦૪ | ૦૪ | ૫.૫૦ | ૦૩ | ૦૦ |
| | કુલ | ૧૩ | ૧૦ | ૧૦ | ૧૧.૫૦ | ૦૩ | ૦૦ |
| | | | | (રૂ.૧૧ લાખ ૫૦ હજાર પુરા) | | | |

**જામનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક**

**(તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩)**

| ક્રમ | તાલુકાનું નામ | નામંજુર અરજીઓ | નામંજૂર કરવાનાં કારણો | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | પુનઃલગ્ન હોવાથી | હિન્દુ ધર્મ સિવાય અન્ય ધર્મ પાળતા હોવાથી | અરજદાર અનુસૂચિત જાતિના ન હોવાથી | અરજી કર્યાબાદ છુટાછેડા થયેલ હોવાથી | કુલ |
| ૧ | જામનગર | ૦૭ | ૦૫ | ૦૦ | ૦૧ | ૦૧ | ૦૭ |
| ૨ | જામ જોધપુર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૩ | કાલાવડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૪ | લાલપુર | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૫ | જોડીયા | ૦૨ | ૦૨ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૨ |
| ૬ | ધ્રોલ | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| કુલ | | ૧૧ | ૦૭ | ૦૨ | ૦૧ | ૦૧ | ૧૧ |

# દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ નામંજૂર કરેલ અરજીઓની વિગત દર્શાવતું પત્રક

## (તા. ૦૧/૦૧/૨૦૨૩ થી તા. ૩૧/૧૨/૨૦૨૩)

| ક્રમ | તાલુકાનું નામ | નામંજુર અરજીઓ | નામંજૂર કરવાનાં કારણો | | |
|---|---|---|---|---|---|
| | | | પુનઃલગ્ન હોવાથી | હિન્દુ ધર્મ સિવાય અન્ય ધર્મ પાળતા હોવાથી | કુલ |
| ૧ | ખંભાળીયા | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૨ | ભાણવડ | ૦૦ | ૦૦ | ૦૦ | ૦૦ |
| ૩ | દ્વારકા | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૩ |
| કુલ | | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૩ |

**જામનગર જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં થયેલ ખર્ચ /સિદ્દિધની વર્ષવાર વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) | સિધ્ધી |
|---|---|---|---|
| **૧** | **૨૦૧૮–૧૯** | ૨૨.૦૦ | ૨૨ |
| **૨** | **૨૦૧૯–૨૦** | ૨૨.૫૦ | ૨૪ |
| **૩** | **૨૦૨૦–૨૧** | ૧૭.૦૦ | ૧૭ |
| **૪** | **૨૦૨૧–૨૨** | ૨૫.૦૦ | ૨૫ |
| **૫** | **૨૦૨૨–૨૩** | ૧૮.૦૦ | ૧૮ |
| **૬** | **૨૦૨૩–૨૪ (ડીસેમ્બર–૨૦૨૪ અંતિત)** | ૪૫.૦૦ | ૩૪ |
| **કુલ** | | **૧૪૯.૫૦** | **૧૪૦** |

**(રૂ. ૧ કરોડ ૪૯ લાખ ૫૦ હજાર)**

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં થયેલ ખર્ચ /સિદ્ધિની વર્ષવાર વિગત દર્શાવતું પત્રક**

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) | સિદ્ધી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૨.૫૦ | ૦૩ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૩.૦૦ | ૦૩ |
| ૩ | ૨૦૨૦–૨૧ | ૪.૦૦ | ૦૪ |
| ૪ | ૨૦૨૧–૨૨ | ૧૨.૦૦ | ૧૨ |
| ૫ | ૨૦૨૨–૨૩ | ૮.૦૦ | ૮ |
| ૬ | ૨૦૨૩–૨૪ (ડીસેમ્બર–૨૦૨૪ અંતિત) | ૫.૫૦ | ૪ |
| કુલ | | **૩૫.૦૦** | **૩૪** |

**(રૂ. ૩૫ લાખ)**

# <u>ડૉ. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના હેઠળ છેલ્લા ૫ વર્ષમાં સમગ્ર રાજ્યમાં થયેલ ખર્ચ /સિદ્ધિની</u>

# <u>વર્ષવાર વિગત દર્શાવતું પત્રક</u>

| ક્રમ | વર્ષ | ખર્ચ (રૂ.લાખમાં) | સિદ્ધી |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૪૬૪.૯૦ | ૭૧૧ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૭૮૧.૦૦ | ૮૪૬ |
| ૩ | ૨૦૨૦–૨૧ | ૭૨૨.૫૫ | ૭૧૯ |
| ૪ | ૨૦૨૧–૨૨ | ૧૦૧૧.૬૫ | ૧૦૦૫ |
| ૫ | ૨૦૨૨–૨૩ | ૧૨૮૮.૨૦ | ૧૧૭૦ |
| ૬ | ૨૦૨૩–૨૪<br>(ડીસેમ્બર–૨૦૨૪ અંતિત) | ૧૧૪૧.૭૫ | ૮૫૩ |
| કુલ | | **૫૪૧૦.૦૫** | **૫૩૦૪** |

**(રૂ. ૫૪ કરોડ ૧૦ લાખ ૦૫ હજાર)**

## પૂરક નોંધ

## ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના

---

## આ યોજનાની હાલની વિગતો

**હેતુ**

- હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિની વ્યક્તિ અને હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્ન દ્વારા અસ્પૃશ્યતા દુર કરી સામાજિક સમરસતા લાવવાનાં ભાગરૂપે ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં મુકેલ છે.

**સહાયની વિગત**

- આ યોજના હેઠળ રૂ.૨,૫૦,૦૦૦/−ની સહાય યુગલને આપવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| (૧) | પતિ−પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે | : | રૂ.૧,૦૦,૦૦૦/− |
| (૨) | ઘરવપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાય | : | રૂ.૧,૫૦,૦૦૦/− |
| | **કુલ** | **:** | **રૂ. ૨,૫૦,૦૦૦/−** |

**પાત્રતાના માપદંડો**

- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત અનુસૂચિત જાતિના હોવા જોઈએ.

- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત ગુજરાતની મુળ વતની હોવી જોઇએ.
- આવા લગ્નની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન કર્યા બાદ બે વર્ષની અંદર આ યોજના માટે સહાય મેળવવા અરજી કરવાની રહેશે
- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર પરપ્રાંતની વ્યકિતના મા બાપ–ગુજરાત રાજ્યમાં પાંચ વર્ષથી વસવાટ કરતા હોવા જોઈએ.
- અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તેણે તે પ્રાંત કે રાજયમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
- વિધુર કે વિધવા જેને બાળકો ન હોય તેવી વ્યકિત જો પુન:લગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મળવા પાત્ર થશે.
- આવક મર્યાદા નથી.
- લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવાનું રહેશે.

**<u>અરજી સાથે રજૂ કરવાના આધાર પુરાવા</u>**

- સક્ષમ અધિકારીશ્રીનો જાતિનો દાખલા
- બન્નેના શાળા છોડયાનાં પ્રમાણપત્ર
- લગ્નનોંધણીનું પ્રમાણપત્ર
- લગ્નનો સંયુકત ફોટોગ્રાફ
- બેંક પાસબુકની ઝેરોક્ષ
- આધારકાર્ડ

**કાર્ય પદ્ધતિ**

- લાભાર્થીએ લગ્ન થયાના બે વર્ષના સમયગાળામાં નિયત નમૂનાના અરજી ફોર્મમાં અરજી કરવાની રહે છે .
- લાભાર્થીએ જિલ્લાના નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણને અરજી કરવાની રહે છે .
- સંબંધિત જિલ્લાના સમાજ કલ્યાણ નિરીક્ષક દ્વારા સ્થળ ચકાસણી કરી, તેઓના અભિપ્રાય સાથે લાભાર્થીઓની અરજીઓ નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણને મોકલવામાં આવે છે .
- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં અગાઉની રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાયમાં વધારો કરી રૂ.૨,૫૦,૦૦૦/- કરવામાં આવેલ (જેમાં રૂ.૧,૦૦,૦૦૦/-ની સહાય પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તથા રૂ.૧,૫૦,૦૦૦/- ઘર વપરાશના સાધનો ખરીદવા માટે DBT મારફત સહાય)
- ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાનું અમલીકરણ PFMS પોર્ટલ મારફત કરવાનું હોવાથી PFMS ની ગાઈડલાઈન મુજબ ઓનલાઈન જ ચૂકવણું કરવા જણાવેલ છે. સદર પોર્ટલમાં ઈ-પેમેન્ટની જ સુવિધા ઉપલબ્ધ છે પરંતુ ચેક દ્વારા ચૂકવણું કરવાની સુવિધા ઉપલબ્ધ નથી. જેથી ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩માં સદર યોજનામાં PFMS પોર્ટલ દ્વારા ચુકવણું કરવામાં આવે છે.

- અત્રેની કચેરીના પત્ર ક્રમાંક: અજાક / મ–૨ / ૨૦૨૨/૭૦૯૬ – ૭૧૨૯, તા.૨૦/૦૯/૨૦૨૨થી ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં તા.૦૧/૦૪/૨૦૨૨ પછીના લગ્નમાં રૂ.૨,૫૦,૦૦૦/– સહાય આપવામાં આવે છે. યુગલને પ્રથમ PFMS પોર્ટલ મારફત ઘરવપરાશના સાધનો ખરીદવા માટે રૂ.૧,૫૦,૦૦૦/– યુગલના સંયુક્ત બેંક ખાતામાં DBT મારફત જમા કરવામાં આવે છે. અને સદર રકમમાંથી યુગલ દ્વારા રૂ.૧,૦૦,૦૦૦/– સંયુક્ત નામના નાની બચતના પ્રમાણપત્રો આપવામાં આવે છે. જે પ્રમાણપત્રની પ્રમાણિત નકલ યુગલ દ્વારા સંબંધિત નાયબ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરીને રજૂ કરવા જણાવેલ છે. યુગલ દ્વારા પોસ્ટ ખાતાના સંયુક્ત નામના નાની બચતના પ્રમાણપત્રના આધારો રજૂ કર્યા બાદ PFMS પોર્ટલ મારફત નાની બચતના પ્રમાણપત્રો માટેની બાકી રકમ યુગલના સંયુક્ત બેંક ખાતામાં DBT મારફત જમા કરવામાં આવે છે.

# **યોજનાની શરૂઆતથી અત્યાર સુધીની વિગત**

- **શિક્ષણ અને મજૂર વિભાગનાં ઠરાવ ક્રમાંક.SCW/૧૦૬૯/૪૯૬૭૮/જ તા.૦૨/૦૫/૧૯૭૦ અને ઠરાવ ક્રમાંક.MBC/૧૦૭૦/૧૦૯૨૭૪ (૭૧)/જ તા.૧૮/૦૧/૧૯૭૨**
  - હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિની વ્યક્તિ અને હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યક્તિઓ વચ્ચેનાં લગ્ન દ્ધારા અસ્પૃશ્યતા દુર કરી સામાજીક સમરતા લાવવાનાં ભાગરૂપે આંતરજ્ઞાતિય લગ્નોને પ્રોત્સાહન આપવા માટે કુલ રૂ.૫૦૦/-ની સહાય આપવામાં આવતી હતી.
- **શિક્ષણ અને મજૂર વિભાગ ઠરાવ ક્રમાંક - એમબીસી / ૧૦૭૧/૬૮૦૩૨/જ, તા.૨૮/૧૦/૧૯૭૪**
  - આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૪૫૦૦નો વધારો કરી રૂ.૫૦૦૦ કરવામાં આવી.
    (જેમાં યુગલને સત્કાર સમારોહ યોજવા માટે રૂ.૩૦૦/-, પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે, રૂ.૪,૦૦૦/- તેમજ યુગલને ઘરવખરી ખરીદવા માટે ભેટ સ્વરૂપે રૂ.૭૦૦/- )
- **સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના ઠરાવ ક્રમાંક - એમબીસી /૧૦૭૬/૨૫૩૪૨(૧૭૩૭)૮૧/ જ, તા. ૦૬/૧૧/૧૯૮૧**
  - ભૂતપૂર્વ શિક્ષણ અને મજૂર વિભાગનાં ઠરાવ ક્રમાંક.એમબીસી/ ૧૦૭૪/૬૮૦૩૨/જ તા.૨૮/૧૦/૭૪થી સદર યોજના અમલમાં હતી. જે સમાજ કલ્યાણ અને આદિજાતી વિકાસ વિભાગ હસ્તક શરૂ કરવામાં આવી.
  - આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત ગુજરાતના મુળ વતની હોવા જોઈએ.
  - પર પ્રાંતના આંતરજ્ઞાતિય લગ્ન કરનાર વ્યકિતના મા-બાપ ગુજરાત રાજ્યમાં ૫ વર્ષથી વસવાટ કરતા હોવા જોઈએ.

- અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તે જે તે પ્રાંત કે રાજ્યમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિન્દુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે અને લગ્ન કર્યા પછી આ વ્યક્તિએ ગુજરાતમાં વસવાટ કરવાનો રહેશે.
- ૩૫ વર્ષની ઉંમર સુધીના વિધુર કે વિધવા કે જે ને બાળકો ન હોય તેવી વ્યકિત જો પુન લગ્ન  કરે તો આ યોજના :હેઠળ સહાય મેળવવાપાત્ર થશે.

➢ **સમાજ કલ્યાણ વિભાગના ઠરાવ ક્રમાંક – એમબીસી જ (૮૮) ૨૨૨૪ / ૧૧૮૭ /, તા . ૧૯૮૮ / ૦૯ / ૦૭**

- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૫,૦૦૦/–નો વધારો કરી રૂ.૧૦,૦૦૦/– કરવામાં આવી. (રૂ.૭૦૦૦/– પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને રૂ. ૩,૦૦૦/– ઘર  વપરાશના સાધનો ખરીદવા માટે)
- આંતરજ્ઞાતિય લગ્નની નોંધણી કરાવવાની રહેશે અને લગ્ન કર્યા બાદ ૧ વર્ષની અંદર આ યોજના માટે સહાય મેળવવા અરજી કરવાની રહેશે.
- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલ પૈકી કોઈ એક વ્યકિત ગુજરાતના મુળ વતની હોવા જોઈએ.
- પરપ્રાંતના આંતરજ્ઞાતિય લગ્ન કરનાર વ્યકિતના મા–બાપ ગુજરાત રાજ્યમાં ૫ વર્ષથી વસવાટ કરતા હોવા જોઈએ.
- અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તે જે તે પ્રાંત કે રાજ્યમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિન્દુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશ. અને લગ્ન કર્યા પછી આ વ્યક્તિએ ગુજરાતમાં વસવાટ કરવાનો રહેશે.
- ૩૫ વર્ષની ઉંમર સુધીના વિધુર કે વિધવા કે જે ને બાળકો ન હોય તેવી વ્યકિત જો પુન: લગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મેળવવાપાત્ર થશે.

➢ **સમાજ કલ્યાણ વિભાગના તા.૩૦/૧૨/૧૯૮૮ના ઠરાવ ક્રમાંક. એમબીસી/૧૧૮૭/૪૫૭૫(૮૮)/ જ**

- આંતરજ્ઞાતિય લગ્ન કરનાર યુગલોને તા.૦૧/૦૪/૧૯૮૮ પ્રશ્ચાતવર્તી અસરથી રૂ.૧૦,૦૦૦/–ના દરે સહાય આપવાની બાબતને મંજુરી આપવામાં આવેલ હતી.

➢ **સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ (સમાજ કલ્યાણ પ્રભાગ)ના તા.૧૬/૧૧/૧૯૯૫ના ઠરાવ ક્રમાંક – એમબીસી/૧૧૯૪/ ૨૩૪૭/ જ**

- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૫,૦૦૦/–નો વધારો કરી રૂ.૧૫,૦૦૦/– કરવામાં આવી. જેમાં રૂ.૧૦,૦૦૦/– પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને રૂ.૫,૦૦૦/– ઘર વપરાશના સાધનો ખરીદવા માટે)

➢ **સમાજ કલ્યાણ વિભાગના તા.૧૧/૧૨/૧૯૯૮ના ઠરાવ ક્રમાંક–એમબીસી/૧૧૯૭/ન.બા.૮/ ગ**

- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૧૫,૦૦૦/–માં વધારો કરી રૂ.૩૦,૦૦૦/– કરવામાં આવી. જેમાં રૂ.૨૦,૦૦૦/– પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને રૂ.૧૦,૦૦૦/– ઘર વપરાશના સાધનો ખરીદવા માટે

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, તા.૦૧/૦૪/૨૦૦૦ના ઠરાવ ક્રમાંક–એમબીસી/૧૧૯૭/ન.બા.૮/ગ**

- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૨૦,૦૦૦/–નો વધારો કરી રૂ.૫૦,૦૦૦/– કરવામાં આવી. જેમાં રૂ.૨૫,૦૦૦/– પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને રૂ.૨૫,૦૦૦/– ઘર વપરાશના સાધનો ખરીદવા માટે)

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, તા.૦૪/૦૪/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક–અજાક/૧૦૨૦૧૭ / ૬૪૭૫૭૦ /ન.બા.૧૩ / ગ**

- આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૫૦,૦૦૦/– નો વધારો કરી રૂ.૧,૦૦,૦૦૦/– કરવામાં આવી.

➢ **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, તા.૧૩/૦૨/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક – એમ.બી.સી/ ૧૧૯૭ / ન.બા.૮ / ગ**

- હિંદુ ધર્મના અનુસૂચિત જાતિના અને સવર્ણ જાતિના વ્યક્તિઓ વચ્ચેના લગ્નને "સામાજીક સમરસતા"ના ભાગરૂપે ડૉ.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે. અસ્પૃશ્યતા દુર કરવાના ભાગરૂપે અનુસૂચિત જાતિ તથા બિન અનુસૂચિત જાતિ વચ્ચે આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજના અમલમાં છે. આ યોજનાના તા.૦૧/૦૪/૨૦૦૦ના ઠરાવમાં "સવર્ણ હિન્દુ" શબ્દનો ઉલ્લેખ થયેલ છે. આથી "સવર્ણ હિન્દુ" શબ્દની જગ્યાએ "હિન્દુ ધર્મની અનુસૂચિત જાતિ સિવાયની અન્ય જાતિની વ્યકિત" શબ્દ વંચાણે લેવાનો રહેશે.

- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, તા.૧૫/૦૩/૨૦૧૯ના ઠરાવ ક્રમાંક–અજાક/૧૦૨૦૧૭ / ૬૪૭૫૭૦ /ન.બા.૧૩ / ગ**
    - આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનાની સહાયમાં રૂ.૧,૦૦,૦૦૦/– કરવામાં આવેલ (જેમાં રૂ. ૫૦,૦૦૦/– પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે અને રૂ.૫૦,૦૦૦/– ઘર વપરાશના સાધનો ખરીદવા માટે રોકડ સહાય )
- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તા.૨૭/૧૨/૨૦૨૧ના ઠરાવ ક્રમાંક–એમ.બી.સી/૧૧૯૭/ન.બા.૮/ગ, (પા.ફા)**
    - લગ્ન નોંધણીનું પ્રમાણપત્ર મેળવતા સમયે રજૂ કરવામાં આવતું ફોર્મ રજૂ કરવાનું રહેશે.
    - અનુસૂચિત જાતિ સિવાયની બીજી વ્યકિત પરપ્રાંતની હોય તો તેણે તે પ્રાંત કે રાજયમાં તે અસ્પૃશ્ય ગણાતી નથી અને હિંદુ ધર્મ પાળે છે તે બાબતનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.
    - વિધુર કે વિધવા જેને બાળકો ન હોય તેવી વ્યકિત જો પુન:લગ્ન કરે તો આ યોજના હેઠળ સહાય મળવા પાત્ર થશે.
- **સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ તા.૧૧/૦૪/૨૦૨૨ના ઠરાવ ક્રમાંક – અજાક /૧૦૨૦૨૧/૫૧૮૩૬૬/ન.બા.૦૧/ગ**
    - આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં અગાઉની રૂ.૧,૦૦,૦૦૦/–ની સહાયમાં વધારો કરી રૂ.૨,૫૦,૦૦૦/– કરવામાં આવેલ (જેમાં રૂ.૧,૦૦,૦૦૦/–ની સહાય પતિ પત્નીના સંયુક્ત નામે નાની બચતના પ્રમાણપત્રો ભેટ સ્વરૂપે તથા રૂ.૧,૫૦,૦૦૦/– ઘર વપરાશના સાધનો ખરીદવા માટે DBT મારફત સહાય)